માલપુરના મેવડા ગામનો યુવક મહીસાગર નદીના વહેણમાં ગરકાવ થતા પરિવારજનો પર આભ તુટી પડ્યું

મોડાસા, તા. ૨૧

બે વર્ષ પહેલા મિત્રો સાથે માલપુર તાલુકાના પાટીદાર સમાજના ૨૦થી વધુ યુવકો મહીસાગર નદીમાં નાહવા ગયા હતા જેમાંથી ૫ યુવકો ડૂબી જતા મોત નીપજ્યું હતું ત્યારે ફરીથી આ ઘટનાની યાદ તાજી કરાવી દે તેવી ઘટના બની છે, જેમાં માલપુર તાલુકાના મેવડા ગામના કેટલાક યુવકો કડાણાડેમ ફરવા ગયા હતા. કડાણાડેમ નજીકથી પસાર થતી મહીસાગર નદીના વહેણમાં નાહવાની લાલચમાં મિત્રો સાથે ફરવા ગયેલ મેવડા ગામનો ૨૧ વર્ષીય આશાસ્પદ યુવક ડૂબી જતા ભારે ચકચાર મચી હતી. વહીવટીતંત્રને થતાં તાબડતોબ તરવૈયા ઉતારી દઈ યુવકની શોધખોળ હાથ ધરી હતી તેમ છતાં યુવકનો અત્તોપત્તો ન લાગતા કડાણાના મામલતદારે એનડીઆરએફ ટીમની મદદ માંગી હતી. ઘટનાસ્થળે યુવકના પરિવારજનો અને સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

રવિવારે માલપુર તાલુકાના મેવડા ગામનો અને નિવૃત્ત આર્મી જવાનનો ૨૧ વર્ષીય પ્રફુલ જયંતીભાઈ પરમાર નામનો યુવક તેના મિત્રો સાથે કડાણાડેમ જોવા ગયો હતો. કડાણાડેમ નજીક પસાર થતી મહીસાગર નદીમાં યુવકનું જાણે મોત પોકારતું હોય તેમ મિત્રો સાથે નદીમાં નાહવા પડતા નદીના વહેણમાં જોતજોતામાં પ્રફુલ તણાઈ જતા તેની સાથે રહેલા મિત્રોએ બચાવવા બુમાબુમ કરી મૂકી હતી. સ્થાનિક લોકોની મદદ મળે તે પહેલા યુવક પાણીમાં ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી હતી. યુવકની ડૂબી જવાની ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સ્થાનીક તરવૈયાઓની મદદથી યુવકની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાને ૨૪ કલાકનો સમય વીતવા છતાં યુવકની ભાળ નહિ મળતા કડાણાના મામલતદારે એનડીઆરએફ ટીમની મદદ માટે કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે મિત્રો સાથે ફરવા ગયેલ પ્રફુલ પરમાર હમણા ઘરે આવશેની રાહ જોઈ બેઠેલા પરિવારજનોને પ્રફુલ મહીસાગર નદીમાં નાહવા પડતા ડૂબી ગયો હોવાની જાણ થતા પરિવારજનો પર આભ તૂટી પડી હતું અને તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. પ્રફુલને ડૂબી જવાની ઘટનાને ૨૪ કલાક કરતા વધુ સમય થવા છતાં તેની કોઈ ભાળ ન મળતા પરિવારજનોની હાલત દયનિય બની હતી.

સાબરકાંઠામાં નવા ૧૦ કેસ : કુલ આંક ૮૫૬ પર પહોંચ્યો

હિંમતનગરમાં ૨, ઈડર તાલુકામાં ૬, વડાલી-ખેડબ્રહ્મામાં ૧-૧ કેસ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઈડરમાં ૬, હિંમતનગરમાં ૨ તથા વડાલી અને ખેડબ્રહ્મામાં એક એક કેસ મળીને ૧૦ કેસ નોંધાયા છે. જેની સાથે કુલ પોઝીટીવનો આંક ૮૫૬ પર પહોંચી ગયો છે. જોકે તંત્રના દાવા મુજબ આટલા બધા કેસ હોવા છતાં મૃત્યુઆંક ૯ થી આગળ વધ્યો નથી.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા ૧૦ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના ચિસ્તીયાનગરમાં રહેતા ૪૬ વર્ષીય પુરૂષ તથા કૈલાદેવી પાર્કમાં ૬૪ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટે આવી ગયા છે. તેજ પ્રમાણે ખેડબ્રહ્માના ખાડીયા ચાર રસ્તા પાસે ૬૨ વર્ષીય પુરૂષ અને વડાલી તાલુકાના ભાંડવલ ગામમાં રહેતા ૩૫ વર્ષીય પુરૂષનો સોમવારે કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સોમવારે કોરોના પોઝીટીવના સૌથી વધુ કેસ ઈડર તાલુકામાં નોંધાયા છે જેમાં જણાવાયા મુજબ વિરપુર ગામમાં ૪૮ વર્ષીય પુરૂષ, ઈડરના આનંદનગરમાં ૨૮ વર્ષીય મહિલા, મસાલ ગામમાં ૩૫ વર્ષીય પુરૂષ, લાલોડમાં ૫૦ વર્ષીય પુરૂષ, નેત્રામલીમાં ૪૪ વર્ષીય મહિલા અને ગોધમજી ગામમાં રહેતા ૪૩ વર્ષીય પુરૂષ કોરોનામાં સપડાયા છે. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સરેરાશ રોજના દસ કેસ નોંધાઈ રહ્યા છે જેના લીધે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે રહેતા લોકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. સોમવાર સુધી કુલ કેસનો આંકડો ૮૫૬ પર પહોંચી ગયો છે. પરંતુ તે પૈકી ૭૫૦ લોકો સાજા થયા છે અને હાલ એક્ટીવ કેસનો આંક ૯૭ પર સ્થિર થયો છે.

તાલુકા પ્રમાણે જોવા જઈએ તો હિંમતનગર તાલુકામાં કુલ કેસ ૩૭૮ છે. જે પૈકી શહેરી વિસ્તારમાં ૨૨૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૭ કેસ નોંધાયા છે. પ્રાંતિજ તાલુકામાં કુલ ૧૦૬ પૈકી ૪૭ શહેરી અને ૫૯ ગ્રામ્ય વિસ્તારના છે. ઈડર તાલુકામાં ૧૭૩ કેસ પૈકી ૭૨ કેસ શહેરી જ્યારે ૧૦૧ ગ્રામ્ય વિસ્તારના છે. તલોદના કુલ ૭૭ પૈકી ૪૦ શહેરી અને ૩૭ ગ્રામ્ય વિસ્તારના છે. વડાલીમાં ૪૯ પૈકી ૨૩ શહેરી અને ૨૬ ગ્રામ્ય વિસ્તારના છે. ખેડબ્રહ્મા તાલુકામાં કુલ પોઝીટીવ કેસ ૪૧ પૈકી ૨૧ શહેરી અને ૨૦ ગ્રામ્ય વિસ્તારના છે. વિજયનગર તાલુકામાં નોંધાયેલા તમામ ૨૩ કેસ ગ્રામ્ય વિસ્તારના છે તેવુ જ પોશીના તાલુકામાં નોંધાયેલા ૯ કેસ પણ ગ્રામ્ય વિસ્તારના છે.

માલપુરમાં કોરોના મહામારીમાં માર્કેટયાર્ડમાં કામ કરતા ૭૦ જેટલા મજૂરોની હાલત દયનિય બની

મોડાસા, તા. ૨૧

કોરોના મહામારીમાં વિશ્વની તસવીર બદલી ગઈ છે. આર્થિક મુશ્કેલીઓ બેરોજગારીએ લોકોને ખોટા પગલાં ભરવા માટે મજબૂર કર્યા છે. રાજ્યમાં કોરોનાના કારણે ધંધા રોજગાર તેમજ લોકોને નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. ત

યારે નોકરી ગુમાવતા અને ધંધા રોજગાર ઠપ થતા લોકોની આર્થિક પરિસ્થિતિ પર ભારે અસર પડી રહી છે. જેના કારણે રાજ્યમાં આર્થિક પરિસ્થિતિ નબળી થતા અનેક લોકો આત્મહત્યા કરવા મજબુર બની આપઘાત કરી લીધાના અનેક કિસ્સાઓ બહાર આવ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર ખાતે આવેલ ખેતીવાડી ઉતપન્ન બજારમાં વર્ષોથી મજૂરી કરી રહેલા સ્થાનિક મજૂરોના બદલે ટેકાના ભાવે ખરીદીમાં એજન્સી દ્વારા બહારથી મજૂરો લાવવાની હિલચાલ થતા સ્થાનિક શ્રમિકોમાં આક્રોશ જોવા મળ્યો હતો અને આ અંગે માલપુર ઉત્પાદન બજાર સમિતિના ચેરમેન, માલપુર ધારાસભ્ય અને મામલતદારને આવેદનપત્ર આપી સ્થાનિક શ્રમિકોને રોજગારી આપવામાં આવેની માંગ કરી હતી.

માલપુરના યુવાન અગ્રણી લાલજી ભગતની આગેવાની હેઠળ માલપુર માર્કેટયાર્ડમાં મજૂરી કરી પેટિયું રળતા ૭૦ જેટલા શ્રમીકોએ ટેકાના ભાવે ખરીદી કરતી એજન્સી માર્કેટયાર્ડમાં વર્ષોથી મજૂરી કરતા સ્થાનિક મજૂરોને મજૂરી કામકાજ અર્થે પ્રાથમિકતા આપે તેવી માંગ કરી હતી. સ્થાનિક શ્રમિકોના જણાવ્યા અનુસાર ટેકાના ભાવે ખરીદી કરતી એજન્સી બહારથી મજૂરીકામ માટે બહારથી શ્રમિકો લાવવાની તજવીજ હાથ ધરી હોવાની માહિતી મળતા જેનો ઉગ્ર વિરોધ કરી સ્થાનિક શ્રમિકોને રોજગારી આપવામાં આવેની માંગ સાથે મામલતદાર, ખેતીવાડી ચેરમેન, સેક્રેટરી અને માલપુરના ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું હોવાનું જણાવ્યું હતું.

દાનાપુર ગામેથી ગેરકાયદેસર માટીનું ખોદકામ કરતા

હીટાચી અને જેસીબી મશીન તેમજ ડમ્પર કબજે કરી ૧.૭૫ કરોડનો મુદ્દામાલ કબજે

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ અને આર.આર.સેલ ભૂજ દ્વારા પાલનપુર તાલુકાના દાનાપુર (પીપળી) ગામેથી ગેરકાયદેસર માટીનું ખોદકામ કરતા હીટાચી અને જેસીબી મશીન તેમજ ડમ્પર કબજે કરી રૂ.૧.૭૫ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવતા ભૂમાફિયાઓમાં ફફડાટ પ્રસીરી ગયો છે.

બનાસકાંઠામાં ભૂમાફીયાઓ દ્વારા ગેરકાયદેસર માટીનું ખોદકામ કરી મસમોટી રોયલ્ટીની ચોરી કરવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી.જેના પગલે આર.આર.સેલ ભૂજએ

બનાસકાંઠા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષીને જાણ કરી હતી.કે પાલનપુર તાલુકાના પીપળીના દાનાપુર ગામે ખાનગી જમીનમાંથી રેતીનું ખોદકામ કરવામાં આવી રહ્યુ છે.જેના પગલે ભૂસ્તર સાસ્ત્રી સુભાષ જોષી અને આર.આર.સેલ ભૂજના પોલીસ સ્ટાફ સાથે દાનાપુરા ગામે પહોંચી ગેરકાયદેસર ખોદકામ બંધ કરાવી ડંમ્પર,જેસીબી અને હીટાચી મશીન સહિત રૂ.૧.૭૫ કરોડનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.આ અંગે ભૂસ્તર વિભાગ દ્વારા જમીનની માપણી કરી કેટલુ ખદકામ કરવામાં આવ્યુ છે.તે અંગે તપાસ કરી તમામ વાહનો પૂર્વ પોલીસ મથકે મૂકી દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટની ટીમે

ત્રણ વર્ષ અગાઉ જીતપુર ગામેથી સગીરાના અપહરણમાં સંડોવાયેલ રાજસ્થાની શખ્સને દબોચ્યો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટ ટીમને જીલ્લામાં સગીરવયના બાળકોના થયેલ અપહરણના ગુન્હા શોધી કાઢવા માર્ગદર્શન આપી સૂચના આપવામાં આવતા મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ એફ.એલ. રાઠોડ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના જીતપુર ગામેથી ત્રણ વર્ષ અગાઉ સગીરાનું અપહરણમાં સંડોવાયેલા રાજસ્થાનના શ્રવણ શાંતિલાલ લબાના નામના આરોપીને મેઘરજ ચોકડી નજીકથી ઝડપી પાડી અપહરણ અને પોક્સોનાં ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્રણ વર્ષ અગાઉ માલપુરના જીતપુર ગામેથી સગીરાનું અપહરણ કરનાર ચાર આરોપીઓમાંથી ત્રણ આરોપીઓ ઝડપાઈ ગયા હતા. સગીરાના અપહરણમાં સંડોવાયેલો અને ત્રણ વર્ષથી પોલીસ પકડથી દૂર રહેલા રાજસ્થાનના બાંદેલા ગામનો શ્રવણ શાંતિલાલ લબાના મોડાસા શહેરની મેઘરજ ચોકડી નજીક આવવાનો હોવાની બાતમી મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ એફ.એલ. રાઠોડ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમને મળતા મેઘરજ ચોકડી નજીક વોચ ગોઠવી હતી. વોચમાં રહેલી પોલીસની ટીમે શ્રવણ શાંતિલાલ લબાના આવતા પોલીસે ઝડપી લેતાની સાથે આરોપી શ્રવણના મોતિયા મરી ગયા હતા. પોલીસે ઝડપાયેલ આરોપી શ્રવણ લબાનાનો સરકારી ગાઇડલાઇન અનુસાર કોરોનાનો ટેસ્ટ કરાવવા તજવીજ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પાલનપુર નગરપાલિકાના કર્મચારીને કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલિકાભવનને સેનેટાઈઝ કરાયું

પાલનપુર નગરપાલિકાના એક કર્મચારીને કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલિકા દ્વારા નગરપાલિકાને સેનેટાઈઝર કરવામાં આવ્યું હતુ.

બનાસકાંઠામાં કોરોના વાયરસના કેસમાં દિન પ્રતિ દીન વધારો થઈ રહ્યો છે.જેના પગલે સ્થિતી ગંભિર બની રહી છે.તેજ રીતે પાલનપુર નગરપાલિકાના ઘરે વેરા સાખાના કર્મચારીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલિકાના કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.આ અંગે ચિપ ઓફીસરએ જણાવ્યુ હતુ કે પાલનપુર નગરપાલિકાના એક કર્મચારીનો કોરોના રીપોર્ટ પોઝીટવ આવતા પાલિકાના દ્વારા નગરપાલિકા કચેરીને સનેટાઈઝર કરવામાં આવી છે.તેમજ ઓફીસમાં કામ અર્થે આવતા તમામ વ્યક્તિઓને માસ્ક પહેરી ઓફીસમાં પ્રવેસ કરવા જણાવાયુ છે.

અત્રે ઉલ્લેખનીય છે.કે બનાસકાંઠામાં કોરોના વયરસનું સંક્રમણ દિન પ્રતિ દીન વધી રહ્યી છે.જેના કારણે કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે.પરંતુ તંત્ર દ્વારા કોરોના વાયરસના આંકડાઓ જાહેર કરવામાં આવતા ન હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

ખેડબ્રહ્માથી કડી નવીન બસનો પ્રારંભ

ખેડબ્રહ્મા ડેપોમાંથી આજે ખેડબ્રહ્મા થી કડી લોકલ બસ નો આજે પ્રારંભ થયો હતો જ્યારે આ ખેડબ્રહ્મા-કડી બસ વડાલી આવી પહોંચતા વડાલી નગરપાલિકા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને લીલીઝંડી આપવામાં આવી હતી જ્યારે આ સ્વાગત નગરપાલિકાના પ્રમુખ ઈશ્વરભાઈ સગર, ઉપપ્રમુખ કપીલાબેન ખાંટ, પ્રદ્યુમનસિંહ ચંપાવત, કીર્તિભાઈ જયસ્વાલ, કે.ડી.પરમાર અને કૈલાસબેન નાઈ દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે આ બસ સવારે સાડા ૮ વાગે ખેડબ્રહ્મા થી ઉપડશે અને વાયા વડાલી, ઈડર, હિંમતનગર, વિજાપુર, માણસા, કલોલ, છત્રાલ થઈને સાડા ૧૨ વાગે આ બસ કડી પહોંચશે જ્યારે કડીથી આ બસ દોઢ વાગે ખેડબ્રહ્મા આવા રવાના થશે ત્યારે ખેડબ્રહ્મા સાડા પાંચ વાગે પહોંચશે.

જાયન્ટ્સ મોડાસા દ્વારા થેલેસેમીયા બાળકો માટે

મહા રક્તદાન માટે વિવિધ સ્થળે ફ્રી બ્લડ ગ્રુપ નોંધણી રથનુ આયોજન

મોડાસા, તા. ૨૧

આજે વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે, આવા સમયે દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે બ્લડને કારણે થેલેસેમીયા દર્દીઓને જીવ ન ગુમાવવો પડે તે હેતુસર જાયન્ટ્સ મોડાસા દ્વારા ટૂંક સમયમાં મોડાસા શહેરમાં મહા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ તેના માટે જાયન્ટ્સ મોડાસા અને રામાણી બ્લડ બેંક દ્વારા મોડાસાના વિવિધ સ્થળોએ એડવાન્સ ફ્રી બ્લડ ચેક અપ માટે રથનુ આયોજન કરવામાં આવ્યું. આજે ઉમિયા મંદિર ખાતે મંદિરના મહંત વિષ્ણુપ્રસાદ મહારાજનો સૌપ્રથમ બ્લડગ્રુપ ચેકઅપ અને રકતદાન માટે નોંધણી કરી હતીબાલાજી કોમ્પ્લેક્સ, માલપુર રોડ પર મોટી સંખ્યામાં લોકો એ બ્લડ ચેક અપ અને રક્તદાન માટે નામ નોંધાવ્યા હતા. આ સમયે જાયન્ટ્સ ટિપ્સ ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન નિલેશ જોશી, મંત્રી પ્રવીણ પરમાર, રામાણી બ્લડ બેંકના નવીન રામાણી, જાયન્ટ્સ મિત્રો બ્લડગ્રુપ ચેકઅપ સ્ટાફ હાજર રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી તાલુકા અને શહેર સંગઠન અને નગરપાલિકા દ્વારા પ્રાંતિજમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ અંતર્ગત દેશભરમાં ભાજપ કાર્યકરો દ્વારા યોજવામાં આવી રહ્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસને લઈને સેવાસત્તા સમાહની ઉજવણી અંતર્ગત પ્રાંતિજ ભારતીય જનતા પાર્ટી શહેર તેમજ તાલુકા મંડલ અને પ્રાંતિજ નગરપાલિકાના દ્વારા રેડક્રોસ સોસાયટી હિંમતનગરના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી મહાકાલી મંદિર સંકુલમાં ૨૦મી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈપટેલ, શહેર ભાજપ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, પૂર્વ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર મહામંત્રી ગીરીશભાઈ પટેલ, રણજિતસિંહ રાઠોડ, પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકાના કોર્પોરેટર ધવલભાઈ રાવલ, યુવા મોરચાના પ્રમુખ કુશવ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નગરજનો તથા જરૂરીયાતમંદ લોકોને વિના મુલ્યે ચશ્માના નંબર તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચશ્માના દાંતા તરીકે પ્રદિપસિંહ રાઠોડ તથા લલિતભાઈ પટેલ દ્વારા સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઊંઝા ખેતીવાડી બજાર સમિતિમાં કૌભાંડની તપાસ યોજવા હુકમ

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું અને આર્થિક રીતે સંગીન સ્થિતિ ધરાવતા ઉંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના શેષ વિભાગમાં કથિત ગેરરીતિઓને લઈને બજાર સમિતિના ચેરમેન, સેક્રેટરી અને ધારાસભ્ય સામે ગંભીર પ્રકારના આક્ષેપો થતાં મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર (સ.મં.)ને તપાસ સોંપવામાં આવી છે. પરંતુ આ તપાસ અંગે શંકા-કુશંકાઓ દર્શાવીને કેટલાક વેપારીઓ અને શેષ વિભાગના કર્મચારી જેણે વહિવટકર્તાઓ વિરૂદ્ધ આક્ષેપ કર્યો છે. તેઓએ ઉચ્ચકક્ષાએથી નિષ્પક્ષ અને ન્યાયી તપાસ થવા માટે માંગણી કરી છે.

દરમિયાન બજાર સમિતિના વેપારી પ્રતિનિધિઓ નરેન્દ્રભાઈ પટેલ અને અરવિંદભાઈ પટેલે બજાર સમિતિના કથિત નાણાંકીય કૌભાંડ સંદર્ભે ઉચ્ચકક્ષાએથી ન્યાયી તપાસ થવા બાબતે આજે વિરોધરૂપે પ્રતિક ઉપવાસ આંદોલન કર્યુ હતુ. આના સમર્થમાં બજારના કેટલાક વેપારીઓ પણ જોડાયા હતા. બીજુ શનિવારે માર્કેટયાર્ડમાં મોટાભાગના વેપારીઓ પણ વેપારધંધાના કામકાજથી અળગા રહ્યા હતા. કથિત પંદર કરોડ શેષ કૌભાંડ મુદ્દે જેઓને તપાસ સોંપાઈ છે તે જીલ્લા રજીસ્ટ્રાર તટસ્થ રીતે ન્યાયી તપાસ કરશે કે પછી રાજકીય દબાણને લઈને છાવરશે તેવી ચર્ચાઓ પણ થઈ રહી છે. કહે છે કે ભૂતકાળમાં પણ બજાર સમિતિમાં ચાલતી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર બાબતેના આક્ષેપોવાળી અરજીઓ થઈ હતી.

શામળાજી પોલીસે ટ્રકમાં બેકરીના સામાનની આડમાં સંતાડેલ ૧૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોપેડમાં ૧૮ બોટલ સાથે પસાર થતા અમદાવાદના બુટલેગરને માલપુર પોલીસે દબોચ્યો

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને હેરાફેરી નાથવામાં મહદંશે સફળ રહ્યા છે. બુટલેગરો અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઠાલવવા સતત નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. બીજીબાજુ અમદાવાદ, ખેડા, અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર જીલ્લાના નાના-મોટા બુટલેગરો પોલીસ પકડથી બચવા મોપેડ, બાઈક અને રીક્ષાનો ઉપયોગ કરી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા અરવલ્લી પોલીસતંત્રના હાથે ઝડપાઈ રહ્યા છે. શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક ટ્રકમાંથી ૧૩ લાખથી વધુના દારૂ સાથે ટ્રક ચાલકની ધરપકડ કરી હતી માલપુર પોલીસે ચોરીવાડ ત્રણ રસ્તા નજીકથી મોપેડમાં વિદેશી દારૂ ભરી પસાર થઈ રહેલા અમદાવાદ સૈજપુર બોઘાના ચિરાગ દત્તુભાઈ ખરાતને ૧૮ બોટલ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલ રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. રાજસ્થાન તરફથી બેકરીનો માલસામાન ભરી પસાર થઈ રહેલ ટ્રકને અટકાવી તલાસી લેતા બેકરીના માલસામાનના ખોખા પાછળ સંતાડી રાખેલ વિદેશી દારૂની ૩૫૪ પેટી જેમાં બોટલ નંગ-૨૩૮૮ કિં. રૂ.૧૩૦૬૬૦૦ નો જથ્થો જપ્ત કરી ટ્રક, બેકરીનો માલસામાન, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ.૨૮૪૭૫૮૯ નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક સલીમખાન નસરુદ્દીન મેવ (રહે, હરિયાણા)ની ધરપકડ કરી ટ્રકમાં વિદેશ દારૂ ભરી આપનાર હરિયાણાના લક્ષ્મણસીંગ નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે મહીસાગરના માર્ગેથી મોપેડમાં વિદેશી દારૂ ભરી અમદાવાદનો બુટલેગર પસાર થવાનો હોવાની બાતમી મળતાં ચોરીવાડ ત્રણ રસ્તા નજીક નાકાબંધી કરી વોચમાં ઉભેલી પોલીસે બાતમી આધારિત મોપેડ આવતા તેને અટકાવી તલાસી લેતા મોપેડની ડેકીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮ કીં. રૂ.૧૩૫૦૦ જપ્ત કરી નરોડા સૈજપુર બોઘા રોડ પરની ધનુષ્યધારી સોસાયટીમાં રહેતા ચિરાગ દત્તૂભાઈ ખરાતની ધરપકડ કરી મોપેડ મળી રૂ.૩૩૫૦૦નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.